નં.ડીએમ/લો.સ.ચટણ/૨૦/૨૦૨૪
જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી, જામનગર
તા.૨૩/૦૪/૨૦૨૪

Office of the District Magistrate
જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી જામનગર જિલ્લા
સત્યમેવ જયતે
ગુજરાત રાજ્ય
Jamnagar District

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળનું જાહેરનામું**

લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૨૪નું મતદાન જામનગર જિલ્લામાં તા.૦૭/૦૫/૨૦૨૪ ના રોજ થનાર છે. આ ચૂંટણીમાં મુક્ત, ન્યાયી અને શાંતિપુર્ણ વાતાવરણમાં મતદાન થાય તે જોવાનો ચૂંટણીપંચનો અભિગમ રહેલો છે. આ ઉપરાંત આદર્શ આચારસંહિતાનું પાલન થાય તે જરૂરી છે. મતદાન કરવા જતા મતદારોને કોઇ ડર ન રહે તેમજ મતદાન કરવા કે ન કરવા બાબતે કોઇ દબાણ ન થાય, ચૂંટણીના સંદર્ભમાં ચૂંટણી સબંધી પ્રતિકો દર્શાવી મતદારોનું ધ્યાન ખેચવામાં ન આવે તે જોવુ જરૂરી છે. મતદાન માટે નક્કી થયેલ મતદાન મથકોની આસપાસના વિસ્તારમાં મતદાનના દિવસે ઉમેદવારો કે તેમના કાર્યકરો/ટેકેદારો દ્વારા પ્રચાર ઝુંબેશ કરવામાં આવે તેવી પૂરેપૂરી સંભાવના છે આથી, રાજકીય પક્ષો કે ઉમેદવારોના કાર્યકરો વચ્ચે ઘર્ષણ થતુ નિવારવા માટે અને મતદાન મથકોની આસપાસના વિસ્તારમાં જાહેર શાંતિ અને સલામતી તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે હેતુથી કેટલાક કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવવાનું જરૂરી જણાયેલ છે.

જેથી હું, ભાવેશ એન. ખેર, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જામનગર જિલ્લો, જામનગર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ ની કલમ ૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે તા.૦૭/૦૫/૨૦૨૪ ના રોજ નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

**-: કૃત્યો :-**

(૧) મતદાનના દિવસે નક્કી થયેલ મતદાન મથકના ૨૦૦ મીટર વિસ્તારમાં ચૂંટણી સંબંધી બુથ ઉભા કરી શકાશે નહી. ચૂંટણી એજન્ટ અથવા પક્ષના/ઉમેદવારના કાર્યકર મતદાન મથકથી ૨૦૦ મીટરની બહાર મતદારોને ઉમેદવારોના નામ, પ્રતિક કે પક્ષના નામ વગરની મતદાર કાપલીના વિતરણ માટે એક ટેબલ અને બે ખુરશી રાખી શકશે (સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના નિયમોને આધીન). આવા સ્થળે ઉમેદવાર ૩ x ૧.૫ ફુટનું ફક્ત ૧(એક) બેનર રાખી શકશે.

(૨) છાંયડા માતે છત્રી કે તાડપત્રી કે કંતાનથી વ્યવસ્થા કરી શકશે, જેને ચારેબાજુથી બંધ કરી શકાશે નહી.

(૩) મતદાનના દિવસે મતદાન મથકની ૨૦૦ મીટરના વિસ્તારમાં ચૂંટણી પ્રચાર કરી શકાશે નહી. ચૂંટણી સંબંધી પત્રિકાઓનું વિતરણ થઇ શકશે નહી તેમજ ચૂંટણી પ્રતિકો દર્શાવી શકાશે નહી. મતદાન કરવા જતાં મતદારને ડર કે ભય ઉભો થાય તેવું કોઇ કૃત્ય કરી શકાશે નહી.

(૪) મતદારને કોઇ ઉમેદવારની તરફેણમાં કે વિરૂધ્ધમાં મતદાન કરવા કે મતદાન ન કરવા દબાણ કરી શકાશે નહી, કે કોઇપણ પ્રકારનું પ્રલોભન આપી શકાશે નહી.

(૫) મતદાનના દિવસે મતદાન મથકની આસપાસના ૨૦૦ મીટરના વિસ્તારમાં ચૂંટણી સબંધી હેતુ માટે મોબાઇલ ફોન, કોડલેસ ફોન જેવા વિજાણુ યંત્રોનો ઉપયોગ થઇ શકશે નહી.

(૬) મતદાનના દિવસે ઉમેદવાર/રાજકીય પક્ષના મંજુરીવાળા ચૂંટણી સબંધી વાહનોને પણ મતદાન મથકવાળા બિલ્ડીંગથી ૧૦૦ મીટરની અંદરના વિસ્તારમાં પ્રવેશ કરવા ઉપર પ્રતિબંધ રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર આઇપીસીની કલમ-૧૮૮ મુજબ સજાને પાત્ર બનશે. આ હુકમ અન્વયે જામનગર જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ થાણાના હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો વિરૂધ્ધ ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ (જપમાં અધિનિયમ) ની કલમ-૧૮૮ અન્વયે ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમની જાહેરાત જામનગર જિલ્લાની હદમાં જાહેર જનતાને જાણ થાય તે રીતે સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોડીને તેમજ વર્તમાન પત્રો દ્વારા કરવી તથા ગુજરાત રાજ્યના અસાધારણ રાજ્યપત્રમાં પ્રસિધ્ધિ કરવી.

આજ તા.૨૩ માહે: એપ્રિલ-૨૦૨૪ ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાવી બહાર પાડવામાં આવ્યું.

(ભાવેશ એન. ખેર)
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
જામનગર

નકલ રવાના:-

૧) જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી, જામનગર

૨) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જામનગર

૩) પોલીસ અધિક્ષકશ્રી, જામનગર

....સદરહુ હુકમની તાબાના પોલીસ સ્ટેશને જાણ કરવા તથા હુકમની જાહેરાત લાઉડ સ્પીકરવાળા વાહનો દ્વારા કરાવીને જાહેર સ્થળોએ તેની નકલો ચોંટાડીને બહોળી પ્રસિદ્ધિ કરાવવી તેમજ જિલ્લાના તમામ પોલીસ સ્ટેશન અધિકારીઓને આ જાહેરનામા મુજબ સુનિશ્ચિત કરવા જરૂરી કાર્યવાહી કરવા તથા તમામ પોલીસ સ્ટેશનોની માહિતી એકત્ર કરી અહેવાલ મોકલવા સારું.

૪) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, જામનગર (શહેર/ગ્રામ્ય),લાલપુર,ધ્રોલ

૫) મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી, ૧૨-જામનગર સંસદીય મતવિસ્તારમાં સમાવિષ્ટ ૭૬-કાલાવડ (અ.જા) વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારીશ્રી, ધ્રોલ

૬) મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી, ૧૨-જામનગર સંસદીય મતવિસ્તારમાં સમાવિષ્ટ ૭૭-જામનગર (ગ્રામ્ય) વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારીશ્રી, જામનગર (ગ્રામ્ય)

૭) મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી, ૧૨-જામનગર સંસદીય મતવિસ્તારમાં સમાવિષ્ટ ૭૮-જામનગર ઉત્તર વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારીશ્રી, જામનગર (શહેર)

૮) મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી, ૧૨-જામનગર સંસદીય મતવિસ્તારમાં સમાવિષ્ટ ૭૯-જામનગર દક્ષિણ વિધાનસભા મતદાર વિભાગ અને જિલ્લા પુરવઠા અધિકારીશ્રી, જામનગર

૯) મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી, ૧૨-જામનગર સંસદીય મતવિસ્તારમાં સમાવિષ્ટ ૮૦-જામજોધપુર વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારીશ્રી, લાલપુર

૧૦) વિભાગીય પોલીસ અધિકારીશ્રી,જામનગર(શહેર/ગ્રામ્ય)

૧૧) મામલતદારશ્રી, જામનગર (શહેર/ગ્રામ્ય)/કાલાવડ/લાલપુર/જોમજોધપુર/ધ્રોલ/જોડીયા

૧૨) થાણા ઇન્ચાર્જશ્રી, ...................... પો. સ્ટેશન, જિ. જામનગર.

૧૩) નાયબ માહિતી નિયામકશ્રી, જામનગર

... સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિદ્ધિ અપાવવા વિનંતી સહ.

૧૪) મેનેજરશ્રી, સરકારી પ્રેસ, રાજકોટ

... રાજ્યના અસાધારણ રાજ્યપત્રમાં પ્રસિદ્ધિ અપાવી તેની પાંચ નકલો અત્રેને મોકલી આપવા વિનંતી સહ.

૧૫) માન્ય રાજકીય પક્ષો (મારફતે : નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી, જામનગર)

નકલ સવિનય રવાના:-

૧) મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી,
ગુજરાત રાજ્ય, સામાન્ય વહીવટ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર

૨) નાયબ સચિવશ્રી,
ગૃહ વિભાગ, ગુજરાત સરકાર,
સચિવાલય, ગાંધીનગર

૩) રજિસ્ટ્રારશ્રી, નામ. ડીસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ જજની કોર્ટ, જામનગર.

Office of the District Magistrate
જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી કચેરી જામનગર (જિલ્લો)
સત્યમેવ જયતે
ગુજરાત રાજ્ય
Jamnagar District